# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) વિરોધ પક્ષના હોબાળા વચ્ચે સંસદે, રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (સુધારા) બિલ, 2026 પસાર કર્યું.

2) કોલકાતા હાઈકોર્ટે,પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકારના તમામ અન્ય પછાત વર્ગો, અથવા OBC-A અને OBC-B પ્રમાણપત્રો રદ કર્યા.

3) પાકિસ્તાન અધિકૃત જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કરવા માટે વિશ્વભરના કાશ્મીરીઓને વિરોધ પ્રદર્શન કરવાની આવામી એક્શન કમિટીની હાકલ.

4) યુક્રેનએ ડ્રોન અને મિસાઇલ વળે રશિયન નૌકાદળના થાણા પર હુમલો કર્યો.

5) ગુજરાત અમદાવાદમાં FIBA અંડર-18 એશિયા મેન્સ બાસ્કેટબોલ કપ-2026 આજથી શરૂ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SANSAD

વિરોધ પક્ષના હોબાળા વચ્ચે સંસદે, રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (સુધારા) બિલ, 2026 પસાર કર્યું છે. વિરોધ વચ્ચે સંસદની કાર્યવાહી વારંવાર મોકૂફ રખાઇ હતી.

## VOICE CAST: ANUPAM-MISH

# WEST BENGAL

કોલકાતા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળમાં પાછલી તૃણમૂલ કોંગ્રેસ સરકાર દ્વારા રજૂ કરાયેલા સુધારેલા નિયમો હેઠળ જારી કરાયેલા તમામ અન્ય પછાત વર્ગો, અથવા OBC-A અને OBC-B પ્રમાણપત્રો રદ કર્યા છે.

કોર્ટે જણાવ્યું હતું કે, અગાઉની સિસ્ટમ હેઠળ જારી કરાયેલા પ્રમાણપત્રો તેમની માન્યતા ગુમાવી ચૂક્યા છે. આવા પ્રમાણપત્રો ધરાવતા લોકોને હવે સામાન્ય શ્રેણીના ગણવામાં આવશે.

# POK

પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર-PoJKમાં આવામી એક્શન કમિટીએ આજે વિશ્વભરના કાશ્મીરીઓને પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કરવા માટે પ્રદર્શનો કરવા હાકલ કરી છે. આ સમિતિ મુખ્ય સરદાર શબીરે આ અંગે આ મુજબ જણાવ્યું છે............

## VOICE CAST: VISHAL

PoJK માં પરિસ્થિતિ તણાવપૂર્ણ છે, તાજેતરની વિવાદાસ્પદ ચૂંટણીઓ, નિર્દોષ લોકોની હત્યાઓ અને બળજબરીથી ગુમ થવા અને પુરવઠામાં વિક્ષેપો અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે.

# UKRAIN-RUSSIA

યુક્રેને ડ્રોન અને મિસાઇલ હુમલા થકી રશિયાના નોવોરોસિયસ્ક બંદર પર આવેલા મોટા બે મુખ્ય અનાજ નિકાસ ટર્મિનલ અને કાળા સમુદ્ર પરના છેલ્લા મોટા રશિયન નૌકાદળના થાણા પર હુમલો થયો છે.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાતોરાત થયેલા હુમલામાં આઠ વર્ષના બાળક સહિત ત્રણ લોકો માર્યા ગયા હતા અને અન્ય 24 ઘાયલ થયા હતા. યુક્રેનની સેનાએ કહ્યું કે, બે ફ્રિગેટ સહિત ચાર રશિયન યુદ્ધ જહાજો પર હુમલો કરવામાં આવ્યો હતો. રશિયાએ આ મુદ્દા પર કોઈ ટિપ્પણી કરી નથી.

જયારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે, કિવ દ્વારા રશિયન બેઝ પર હુમલો કરવા માટે અનોખા ઓપરેશનમાં રોકેટ, જેટ અને નૌકાદળના ડ્રોન છોડવામાં આવ્યા હતા, જોકે તેમણે અનાજ ટર્મિનલ પર હુમલો થવાનો ઉલ્લેખ કર્યો ન હતો.

# CBSE RESULT

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ધોરણ 12 પૂરક પરીક્ષા 2026ના પરિણામો જાહેર કર્યા છે. વિદ્યાર્થીઓ results.digilocker.gov.in પર DIGILOCKER પરિણામ પોર્ટલ દ્વારા તેમનું પરિણામ ચકાસી શકે છે.

# OIL LEAK

ઓમાનના દરિયાકાંઠે લીક થતા ટેન્કરમાંથી મોટા પાયે તેલ દરિયામાં ફેલાઈ રહ્યું છે. આ તેલ રાસ મદ્રાકા તેમજ માસીરાહ ટાપુ નજીકના 40 કિલોમીટરના દરિયાકાંઠે અસર કરી શકે છે.

સેટેલાઇટ છબીઓના આધારે નિષ્ણાત જોન એમોસે જણાવ્યું કે, આ તેલ હવે બે હજાર ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાય રહ્યું છે.

આશરે આઠ લાખ બેરલ રશિયન તેલ વહન કરતું અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હેઠળ, કેરોલિન બેઝેંગી ટેન્કર 30 જૂને ડૂબી ગયા બાદ તે એક ટાપુ નજીક તેલ જહાજ લીક થતાં ઓમાની દરિયાઈ પટ્ટી પર ફેલાઈ રહ્યું છે જે અરબી સમુદ્રના હમ્પબેક વ્હેલ જેવા અનેક વન્ય જીવોનું નિવાસ સ્થાન છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# SAMBIT PAATRA

ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પંજાબ સરકાર ફાર્મસી ઓફિસર્સ ભરતી પરીક્ષામાં કથિત પેપર લીક પર ગંભીર આરોપ લગાવ્યા છે.

પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે.......

**BYTE: SAMBIT PAATRA**

# FIBA UNDER-18

ગુજરાતનાં અમદાવાદમાં FIBA અંડર-18 એશિયા મેન્સ બાસ્કેટબોલ કપ-2026 આજથી શરૂ. વિશ્વભરમાંથી 16 દેશના ખેલાડીઓ ભાગ લેશે.

રાજ્ય સહકાર મંત્રી જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા. મંત્રીશ્રીએ ગુજરાતના મહેમાન બનેલા 16 દેશના પ્રતિનિધિઓ અને તેમના ખિલાડીઓનું સ્વાગત કર્યું હતું. FIBA અંડર-18 એશિયા મેન્સ બાસ્કેટબોલ કપ-2026 ટુર્નામેન્ટ અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી 23મી ઑગસ્ટ સુધી ચાલશે.

# SURJAN

આજે નવી દિલ્હીમાં કાપડ મંત્રાલય સૃજન વોઈસીસ ફ્રોમ ધ લૂમનું આયોજન કરશે, જે ભારતના હાથશાળ પાછળની મહિલાઓની ઉજવણી કરશે.

દેશના વણાટ વારસામાં તેમની પ્રેરણાદાયી યાત્રાઓ અને તેના યોગદાનને બિરદાવશે. આ સત્ર દરમિયાન 6 હાથશાળ ક્લસ્ટરોમાંથી સૌથી વધુ મહિલા વણકરો તેમની સર્જનાત્મકતા અને ભારતની વણાટ પરંપરાઓના સંરક્ષણમાં ભૂમિકાની તેમની વાર્તાઓ રજૂ કરશે.

# TRUMP-HORMUZ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટ પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે અને સંકેત આપ્યો છે કે વોશિંગ્ટન વ્યૂહાત્મક જળમાર્ગ પર પોતાનો કબજો જાળવી રાખવા માંગે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, અમેરિકન પ્રમુખે નૌકાદળના નાકાબંધી વિષે દાવો કર્યો કે ઈરાન ઊંડા આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. ઈરાન તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી.

# CRICKET

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ - BCCI અને અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ - ACB એ મળીને આવતા મહિને 13 થી 17 સપ્ટેમ્બર સુધી દિલ્હીના અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીનું આયોજન કરશે.

# IBOLA

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં ઇબોલાનો ચેપ વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ રોગથી પૂર્વીય કોંગોમાં 4 હજાર 300 થી વધુ નોંધાયેલા કેસોમાં બે હજારથી વધુ લોકો માર્યા ગયા છે.

આ ફેલાવો વાયરસના દુર્લભ બુંદીબુગ્યો સ્ટ્રેન દ્વારા થઈ રહ્યો છે, જેના માટે હજુ સુધી કોઈ રસી અથવા સારવારને મંજૂરી આપવામાં આવી નથી.

WHO અનુસાર, કોંગોની દક્ષિણ સુદાન, યુગાન્ડા અને રવાન્ડા સાથેની સરહદો નજીક ચાલી રહેલા સંઘર્ષને કારણે રોગ નિયંત્રણના પ્રયાસોમાં અવરોધ ઊભો થયો છે.

# EDUCATION MINISTER PRALHAD JOSHI

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ નેશનલ મીન્સ-કમ-મેરિટ સ્કોલરશિપ સ્કીમ અંગે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જોશીએ જણાવ્યું હતું કે, આ બેઠક નાણાકીય વર્ષ 2026-27 થી 2030-31 સુધી 'નેશનલ મીન્સ-કમ-મેરિટ સ્કોલરશિપ સ્કીમ' ચાલુ રાખવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી હતી. બેઠક દરમિયાન ચર્ચાઓ યોજનાના મુખ્ય પાસાઓ અને દેશભરના વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે તેના સતત અમલીકરણ પર કેન્દ્રિત હતી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ અલગ અલગ સમાચારોને પ્રથમ પાને છાપ્યા છે .
- ગુજરાત સમાચારે અરુણાચલ સરહદે ચીનની જોહુકમી ભારતીય જવાનોનું પેટ્રોલિંગ અટકાવ્યું - લાઠી ચાર્જ બદલ અમિત શાહ માફી માંગે ટૂંક સમયમાં જંતર મંતર પાર્ટ ૨:દીપકે..... સમાચાર પ્રથમ પાને લીધા છે.
- નવગુજરાત સમયે લખ્યું – **FCRA** બિલ આખરે જેપીસીમાં મોકલાયું સીમાંકન બિલ રજૂ થવાની શક્યતા નહિવત. ટાતા સન્સના ચેરમેનપડેથી ચંદ્રશેખરનું રાજીનામું
- દિવ્યભાસ્કર લખે છે **CJP** હાલ રાજકીય પાર્ટી નહીં બને, પાર્ટી બનતાં જ તોડી પડાશે.
- સ્થાનિક સમાચારોમાં ડીસામાં અધ્યતન નાઇટ સફારીને મંજૂરી તેમજ રાજ્યભરમાં યોજાયેલ તીરંગ યાત્રાના સમાચાર તસવીર સાથે વાંચવા મળી રહ્યા છે.